આઈ.કે.ડી.આર.સી. - આઈ.ટી.એસ.

# કિડની સમાચાર



વર્ષ : ૨૫ અંક : ૩ જુલાઈ : ૨૦૧૭

શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી
અને
શ્રીમતી કમલાબેન મફતલાલ મહેતા
ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસીઝ
એન્ડ રીસર્ચ સેન્ટર

ડૉ. એચ. એલ. ત્રિવેદી
ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન
સાયન્સીઝ

સંપાદકીય સમિતિ
ડૉ. હરગોવિંદ એલ. ત્રિવેદી
ડૉ. વીણા શાહ
શ્રી માધવ રામાનુજ
ડૉ. પંકજ શાહ
ડૉ. ગુરૂપ્રસાદ ભોસલે
શ્રીમતી પ્રિયદર્શિની શાહ
સુશ્રી જ્યોત્સ્ના સુથાર



**તમને તમારા કામમાં આનંદ
મળતો ન હોય તો ક્યારેય
તેમાં શ્રેષ્ઠ સાબિત નહીં થઈ શકો**

**- લ્યુક પાર્કર**

## પ્રો. એચ. એલ. ત્રિવેદીને અવતાર ફાઉન્ડેશન દ્વારા "ગુરૂ દ્રોણાચાર્ય એવોર્ડ"

પ્રો. એચ. એલ. ત્રિવેદીને તા. ૨૮મી મે, ૨૦૧૭ના રોજ અવતાર ફાઉન્ડેશન તથા મુંબઇ નેફ્રોલોજી ગ્રુપ દ્વારા "ગુરૂ દ્રોણાચાર્ય એવોર્ડ"થી સન્માનિત કરવામાં આવ્યા. ૨૦૧૨માં સ્થપાયેલ અવતાર ફાઉન્ડેશનનો મુખ્ય હેતુ કિડનીના રોગોની સારવાર માટેની નવીન ઈન્ટરવેન્શનલ ટેકનોલોજીનો ઉપયોગ કરી વિશ્વભરમાં નેફ્રોલોજીનાં ક્ષેત્રમાં કામ કરતા યુવા તબીબોને આ પડકારરૂપ ટેકનોલોજી માટે તૈયાર કરવાનો છે. આ ફાઉન્ડેશન નેફ્રોલોજીના ક્ષેત્રમાં સિનિયર શિક્ષક-પ્રોફેસરોએ આપેલ અમૂલ્ય જ્ઞાન થકી હાલમાં જે ડોક્ટર-શિષ્યો આ ક્ષેત્રમાં ડંકો વગાડી રહ્યા છે, પ્રેક્ટીસ કરી રહ્યા છે, તેમના દ્વારા આ ગુરૂજનોને "ગુરૂ દ્રોણાચાર્ય એવોર્ડ"થી સન્માનિત કરીને તેમનું યથાશક્તિ ઋણ ચુકવવાનો નમ્ર પ્રયાસ કરે છે. આ વર્ષની એવોર્ડ સિલેક્શન સમિતિએ દેશના નામાંકિત નેફ્રોલોજીસ્ટ ગુજરાતના ડૉ. એચ. એલ. ત્રિવેદી સાહેબ અને તેમના સમકાલિન ચેન્નાઈના ડૉ. એમ. કે. મણિના નામની પસંદગી કરી. આ બંને મહાનુભાવો ઉંમરના કારણે મુસાફરી કરી શકે તેમ ન હોવાથી ફાઉન્ડેશનના પદાધિકારીઓએ તેમના નિવાસસ્થાને જઈને તેમને સન્માનિત કર્યા. આ એવોર્ડ અવતાર ફાઉન્ડેશન બોર્ડના ચેરમેન પદ્મશ્રી ડૉ. ડી. એસ. રાના અને મુંબઇ નેફ્રોલોજી ગ્રુપના ખજાનચી ડૉ. હેમંત મહેતા દ્વારા ડૉ. ત્રિવેદીને અર્પણ કરવામાં આવ્યો. તે બંને દ્વારા ડૉ. ત્રિવેદીએ નેફ્રોલોજીનાં ક્ષેત્રમાં કરેલ નોંધપાત્ર યોગદાનને બિરદાવવામાં આવ્યું. આ સન્માન સમારંભમાં ડૉ. એચ. એલ. ત્રિવેદી સાહેબના જીવન પર બનનાર ફિલ્મ "રાગ-વૈરાગ"ના આયોજન અંગેની પણ જાહેરાત કરવામાં આવી.



પ્રો. એચ. એલ. ત્રિવેદીને "ગુરૂ દ્રોણાચાર્ય" એવોર્ડથી સન્માનિત કરતા ડૉ. ડી.એસ. રાના-ચેરમેન અવતાર ફાઉન્ડેશન અને ડૉ. હેમંત મહેતા, મુંબઈ નેફ્રોલોજી ગ્રુપ

## કિડની ઈન્સ્ટીટ્યુટના ઈતિહાસની પ્રથમ ઘટના-૧૧ દિવસમાં ૧૭ કિડની, ૯ લિવર ટ્રાન્સપ્લાન્ટથી ૨૬ દર્દીઓને નવજીવન

સંસ્થા માટે ગૌરવવંતી કહી શકાય તેવી બાબત તા. ૩૦-૦૫-૨૦૧૭ થી તા. ૧૦-૦૬-૨૦૧૭ દરમ્યાન બની જ્યારે ૧૧ દિવસમાં ૯ મૃતમસ્તિષ્ક દાતાઓનાં અવયવદાનથી ૧૭ કિડની પ્રત્યારોપણો, ૯ લિવર પ્રત્યારોપણો મળીને ૨૬ વ્યક્તિઓને નવજીવન આપવામાં આવ્યું. આમાં ૪ દાતાઓ સુરતના, ૩ ભાવનગરના અને ૧ દાતા રાજકોટથી હતા. સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતનાં ઈતિહાસમાં આ સૌપ્રથમ ઘટના છે. અગાઉ વર્ષ ૨૦૦૯માં ૨ દિવસમાં ૪ કેડેવર ડોનરમાંથી ૮ કિડની પ્રત્યારોપણ અને ૨ લિવર પ્રત્યારોપણ સંસ્થામાં થઇ ચૂક્યા છે. આ ભગીરથ કાર્યને પાર પાડવા ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ, લેબોરેટરી સ્ટાફ

અને વર્ગ-૪ની ટીમે પોતાના અંગત જીવનને બાજુએ મૂકીને સતત કામ કરીને પોતાની કાબેલિયત બતાવી જે અભિનંદનને પાત્ર છે. સંસ્થા ઉપરોક્ત તમામને સહર્ષ અભિનંદન આપે છે. સાથોસાથ ડૉક્ટરો તેમજ કાઉન્સેલર્સ જેમણે અવયવદાન માટે મૃતમસ્તિષ્ક દાતાઓનાં કુટુંબીજનોને સાચુ માર્ગદર્શન તેમજ પ્રેરણા આપી. તેઓ પણ અભિનંદનને પાત્ર છે. તેમના વિના આ કાર્ય શક્ય જ નહોતું.

## પ્રત્યારોપણના ક્ષેત્રમાં સંસ્થાએ હાંસલ કરેલ ઐતિહાસિક સિદ્ધિની ઉમળકાભેર ઉજવણી

"ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીઝ"ના સ્થાપના દિનની તા. ૧૯ જૂન, ૨૦૧૭નાં રોજ "પ્રત્યારોપણ ગૌરવ ઉત્સવ" દ્વારા ઉજવણી કરવામાં આવી. સંસ્થામાં કિડની પ્રત્યારોપણની શરૂઆત ઈ.સ. ૧૯૭૯માં, જ્યારે લિવર પ્રત્યારોપણની શરૂઆત ઈ.સ. ૨૦૦૮થી કરવામાં આવી. ત્યારથી આજ સુધીમાં કુલ મળીને ૫૦૦૦થી વધુ કિડની પ્રત્યારોપણ અને ૨૨૫થી વધુ લિવર પ્રત્યારોપણ સફળતાપૂર્વક કરવામાં આવ્યા, જેની સહર્ષ ઉજવણીનાં ભાગ સ્વરૂપે પ્રસ્તુત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ જે દર્દીઓની કિડની પ્રત્યારોપણ પછી ૧૫-૨૦ વર્ષ સુધી તથા લિવર પ્રત્યારોપણ પછી ૫ વર્ષ સુધીની જીવાદોરી લંબાઈ છે તેઓને "નવજીવન સન્માન"થી સન્માનિત કરવાનો હતો. આદરણીય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીનાં (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર, ગુજરાત રાજ્ય) વરદ હસ્તે ૩૪ પ્રત્યારોપણનાં દર્દીઓને સંસ્થાની પરંપરા મુજબ શાલ, સન્માનપત્ર અને ૐનું પ્રતિક ચિન્હ આપીને સન્માનિત કરવામાં આવ્યા. આમાં ૧૬ કિડની પ્રત્યારોપણના દર્દીઓ, ૧૪ લિવર પ્રત્યારોપણનાં દર્દીઓ, ૩ કિડની અને લિવરના સંયુક્ત પ્રત્યારોપણના દર્દીઓ અને ૧ કિડની અને સ્વાદુપિંડના સંયુક્ત પ્રત્યારોપણના દર્દીઓનો સમાવેશ થાય છે. આ બધામાં સૌથી લાંબુ જીવન માણી રહેલ શ્રી ધૈર્યેન્દ્ર સુથાર જેમનું કિડની પ્રત્યારોપણ ૧૯૮૬માં થયું હતું. કિડની પ્રત્યારોપણ વખતે બાળક હતા તેવા ૯ દર્દીઓ જે આજે પુખ્ત વયના થઈ સ્વસ્થ જીવન જીવી રહ્યા છે તથા ૨ લિવર બાળ પ્રત્યારોપણના દર્દીઓની હાજરીથી કાર્યક્રમ જીવંત બન્યો હતો. મા. શ્રી શંકરભાઈ ચૌધરીએ સંસ્થાના કાર્યોને બિરદાવતા કહ્યું હતું કે, સંસ્થાનું નવું મકાન જે મંજુશ્રી મિલના કમ્પાઉન્ડમાં તૈયાર થઈ રહ્યું છે તે વર્ષના અંત સુધીમાં તૈયાર કરીને સોંપી દેવામાં આવશે. વધુમાં તેઓશ્રીએ કહ્યું હતું કે, સંસ્થાનું નવું બિલ્ડીંગ તમામે-તમામ આધુનિક સુવિધાઓથી સુસજ્જ હશે તેમજ હવાઈ માર્ગે અવયવો લાવવા માટે હેલિકોપ્ટરની સુવિધાનો ૫૦% ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.



કિડની અને લિવર પ્રત્યારોપણના દર્દીઓને "ૐ"નું પ્રતિક, સન્માનપત્ર અને શાલ ઓઢાડીને સન્માનિત કરતા મા. મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી

## મૃતમસ્તિષ્ક દાતાઓ દ્વારા કિડની અને લિવર અવયવ પ્રત્યારોપણો

**શ્રીમતી પ્રજ્ઞાબેન જયચંદભાઈ પટેલ :** મૂળ તળાજા ગીરના નિવાસી ૬૬ વર્ષીય, પતિનો સાથ ૧૧ વર્ષ પહેલા જ છૂટી ગયો હતો તથા બે દીકરીઓ અને એક દીકરાની સાથે રહેતા હતા. પ્રજ્ઞાબેન ૨૯ માર્ચ, ૨૦૧૭ના રોજ સવારે બાથરૂમમાં અચાનક ચક્કર આવતા પડી ગયા. બેભાન અવસ્થામાં પરિવાર તેમને ડૉ. સૂચકની હોસ્પિટલમાં લઈ ગયા જ્યાં સી.ટી. સ્કેન, એમ.આર.આઈ.નો રીપોર્ટ કરાવતાં પ્રજ્ઞાબેનના મગજને હેમરેજને કારણે ઘણું નુકસાન થયાની ખબર પડી. તેમને ત્યાંથી વધુ સઘન સારવાર માટે સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. જ્યાં ન્યુરોસર્જન ડૉ. રાજેન્દ્ર કાબરિયાએ તેમના પરિવારને પ્રજ્ઞાબેનના બ્રેઈનડેડ થયાની જાણ કરી અને અવયવદાન માટે સમજાવ્યા. પ્રજ્ઞાબેનના પુત્રવધુ જહાન્વીબેન જે રેડિયોલોજીસ્ટ છે તેમણે અને તેમના ભાઈ પ્રણવભાઈ જેઓ ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફરજ બજાવે છે આ બંનેને અવયવદાન અંગેની જાણ હતી. તેમણે પ્રજ્ઞાબેનના પરિવારજનોને સમજાવ્યા અને પ્રજ્ઞાબેનના અવયવોનું દાન કરવાનું નક્કી કરવામાં આવ્યું. તેમની બંને કિડનીઓ અમરેલીના ૨૮ વર્ષીય પરિમલ છગનભાઈ વિરમગામાને આપવામાં આવી. લિવર અમદાવાદના ૬૧ વર્ષીય હરેશભાઈ કિર્તનલાલ પરીખને આપવામાં આવ્યું. આ બંને પ્રત્યારોપણ તા ૪ એપ્રિલ, ૨૦૧૭ ના રોજ કરવામાં આવ્યાં અને હાલમાં સર્વે દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રી રવિભાઈ ઠાકરશીભાઈ દેવાણી :** ૨૨ વર્ષીય, અમદાવાદમાં ઈન્શ્યોરન્સ કંપનીમાં માર્કેટીંગ એક્ઝ્યુકેટીવ તરીકે ફરજ બજાવતા હતા. જ્યારે તેમના માતા-પિતા સુરત રહેતા હતા. રવિભાઈ તેમની નોકરીના કારણે અમદાવાદમાં પેંઈંગગેસ્ટ તરીકે રહેતા હતા. તા. ૬ એપ્રિલ, ૨૦૧૭ના રોજ બપોરના સમયે બાઈક પર જમવા જતા હતા અને રસ્તા પર અચાનક આવેલી ગાય સાથે અથડાતા બાઈક પરથી પટકાઈ પડ્યા. તેમને તાત્કાલિક હોપ ન્યુરો કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં

આવ્યા જ્યાંથી પરિવારજનો તેમને સુરત યુનીટી હોસ્પિટલમાં લઈ આવ્યાં. જ્યાં ન્યુરોફીઝીશીયન ડૉ. ભદ્રેશ માંગુકિયા અને ન્યુરોસર્જન ડૉ. વિહાંગ સાલીએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા. ઉજ્જવળ સપનાંઓને આંખોમાં આંજી રવિ નોકરી માટે અમદાવાદ તો આવ્યો પરંતુ સ્વપ્ન રોળાઈ ગયાં...દીકરાની પરિસ્થિતિની ગંભીરતાથી માતા–પિતા ભાંગી પડ્યા પરંતુ હિંમત એકઠી કરી દીકરાના અવયવોના દાનનો નિર્ણય લીધો. આ નિર્ણયથી વડોદરાના ૩૬ વર્ષીય મિતેષ અંબુભાઈ ચૌહાણ જેઓ ઘણાં વર્ષોથી ડાયાબીટીસથી પીડાતા હતા અને જેનાં કારણે તેમની કિડની ખરાબ થઈ હતી તેમને પેનક્રિયાસ (સ્વાદુપિંડ) અને એક કિડની આપવામાં આવી. આજે મિતેષભાઈ ડાયાબીટીસના રોગના ભરડામાંથી સંપૂર્ણપણે બહાર આવી ગયા છે અને બીજી કિડની ભીલવાડાના ૧૮ વર્ષીય રોનક મહાવીર ચેચાણીને આપવામાં આવી. બંને દર્દીઓ સ્વસ્થ છે. લિવર સુરતનાં ૩૧ વર્ષીય ઉમંગભાઈ બિમલભાઈ પટેલને આપવામાં આવ્યું, પરંતુ દુર્ભાગ્યવશ તેમનું ત્રણ મહિના બાદ ચેપને કારણે અવસાન થયું. આ પ્રત્યારોપણો ૧૦ એપ્રિલ, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા.

**શ્રી જયેશભાઈ મનુભાઈ પરમાર** : ૪૬ વર્ષીય વડોદરાના નિવાસી, જેઓ ગલ્ફ કન્ટ્રીમાં નોકરી કરતા હતા. વડોદરામાં માતા–પિતા અને ભાઈનો સંયુક્ત પરિવાર હતો. જયેશભાઈ નોકરીમાંથી વચ્ચે વચ્ચે ૧–૨ મહિના માટે વડોદરા આવતા. આ વખતે પરિવારે સ્વપ્નેય વિચાર્યું નહોતું કે આ મુલાકાત તેમની છેલ્લી મુલાકાત નિવડશે. તા. ૧૫ એપ્રિલ, ૨૦૧૭ના રોજ સવારે ૧૧.૦૦ વાગે પિતા સાથે બાઈક પર નેશનલ હાઈવે પરથી કામ માટે જતા હતા ત્યારે ઈનોવા કારે ટક્કર મારતાં તે બંને રસ્તા પર પટકાઈ પડ્યા હતા. યોગાનુયોગ પાછળ જ આવતી એમ્બ્યુલન્સમાં તેમને વડોદરાની શ્રીજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. જ્યાં ડૉ. રૂપેશ શાહની દેખરેખમાં બંનેની સારવાર ચાલુ થઈ પરંતુ માથાના ભાગે ગંભીર ઈજા થવાથી જયેશભાઈ કોમામાં સરી પડ્યા અને તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા. ડૉ. રૂપેશ શાહે અવયવદાન અંગે પરિવારને સમજાવ્યાં. જયેશભાઈના ભાઈ હર્ષદભાઈને અવયવદાન અંગે થોડી ઘણી માહિતી હતી જ તેથી તેમણે અવયવદાનનો નિર્ણય લીધો અને તેમની એક કિડની અમદાવાદના ૨૮ વર્ષીય કુશલ આર. શાહને તથા બીજી કિડની અમદાવાદના ૨૫ વર્ષીય પ્રકાશ હસાનંદ જયસીંઘાણીને આપવામાં આવી. લિવર અમદાવાદના ૫૫ વર્ષીય કમલેશભાઈ કાંતિલાલ ઠક્કરને આપવામાં આવ્યું. આ પ્રત્યારોપણો તા. ૧૮ એપ્રિલ, ૨૦૧૭ના રોજ કરવામા આવ્યાં અને હાલમાં સૌ દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રીમતી મધુબેન જગજીવનભાઈ લીંબાડીયા** : ૬૦ વર્ષીય બોટાદના સસરિયા ગામના ગૃહિણી, સાથોસાથ મજૂરી કરીને પરિવારને ટેકો આપતા હતા. તા. ૨૨ એપ્રિલ, ૨૦૧૭ની સાંજે મજૂરી કામ પતાવી પોતાના ઘરે ચાલતા પાછા આવી રહ્યા હતા ત્યારે પાછળથી આવતી બાઈકે તેમને અડફેટે લીધા સંતુલન ગુમાવતા મધુબેન રસ્તા પર પટકાઈ પડ્યા અને માથાના ભાગે તેમને ગંભીર ઈજાઓ થઈ. પરિવારને જાણ થતાં તરત જ તેમને બોટાદની એક ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. જ્યાં એમ.આર.આઈ.ના રીપોર્ટ બાદ ન્યુરોસર્જન ડૉ. રાજેન્દ્ર કાબિરયાએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા અને પરિવારને અવયવદાન માટે સમજાવ્યાં. મધુબેનના દિકરા હિતેષભાઈ સહમત થયા કે અમારી માતા તો હવે ફરીથી જીવિત થવાની નથી. તો તેમનાં અવયવ થકી બીજાને નવું જીવન મળતું હોય તો આવું દાન કરવું જ જોઈએ અને તેમણે પરિવારના બીજા સભ્યોને પણ સમજાવ્યાં. મધુબેનની એક કિડની મૂળ પંજાબના પણ હાલ અમેરિકા વસવાટ કરતા ૭૨ વર્ષીય શ્રી રામચંદ્ર કિશોરીલાલ શર્માને તથા બીજી કિડની ભાવનગરના ૫૪ વર્ષીય ક્રિષ્ણાબેન કરણસિંહ શર્માને આપવામાં આવી. જેમાંથી રામચંદ્રભાઈ સ્વસ્થ છે પરંતુ બદનસીબે ક્રિષ્ણાબેનનું મૃત્યુ થયું છે. લિવર રાજકોટના ૬૫ વર્ષીય શ્રીમતી ચંદનબેન કોટેલને આપવામાં આવ્યું અને હાલમાં તેઓ સ્વસ્થ છે. આ પ્રત્યારોપણો તા. ૨૫ એપ્રિલ, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા હતા.

**શ્રી ધાર્મિકભાઈ અરવિંદભાઈ મારડીયા** : ૨૨ વર્ષીય એમ.એસ.સી.નો હોનહાર વિદ્યાર્થી, રાજકોટ જિલ્લામાં આવેલા દેવડી–કુંભાજી ગામના નિવાસી. બે બહેનોનો ભાઈ હતો. તેના મોટા બાપુજીનું બેસણું હતું ત્યાંથી પિતા સાથે બાઈક પર પાછા આવતા હતા ત્યારે રસ્તામાં અલ્ટો ગાડી સાથે થયેલ અકસ્માતમાં પિતા–પુત્ર બંને ગંભીર રીતે ઘવાયા. રાહદારીઓ તેમને જેતપુરની ખાનગી સંજીવની હોસ્પિટલમાં લઈ ગયાં પરંતુ તબિયતની ગંભીરતાને જોતા તેમને રાજકોટની વોકાર્ડ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા પરંતુ ધાર્મિકની જીવાદોરી ટૂંકી હતી. ડૉ. કાંત જોગાણીએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા. અરવિંદભાઈ પોતે પણ સારવાર હેઠળ હતા. તેમણે પોતાના પુત્રની તબિયત વિશે જાણ્યું અને તે ભાંગી પડ્યા. અરવિંદભાઈના સ્વજનો અને મિત્રોએ તેમને હુંફ આપી અને અવયવદાન માટે રાજી કર્યા. તેમની એક કિડની અમદાવાદના ૧૫ વર્ષીય રૂદ્રાંશ કોન્ટ્રાકટરને તથા બીજી કિડની અમદાવાદના ૪૦ વર્ષીય ભાવેશભાઈ બી. ભલાલાને આપવામાં આવી. લિવર વડોદરાના ૬૫ વર્ષીય પન્નાલાલ છગનભાઈ પટેલને આપવામાં આવ્યું. આ પ્રત્યારોપણો તા. ૯ મે, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યાં અને હાલમાં સૌ દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રી વિજયભાઈ જેરામભાઈ સોલંકી** : ૫૨ વર્ષીય, તળાજા, ભાવનગરના નિવાસી, પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા હતા. તા. ૧૧ મે, ૨૦૧૭ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે બાઈકને લઈને નોકરી પર જતા હતા ત્યારે અચાનક જ ગાય વચ્ચે આવી અને તેમણે બાઈક પરથી સંતુલન ગુમાવી દીધું અને રસ્તા પર પટકાયા જેમાં તેમના મગજના ભાગે ગંભીર ઈજાઓ થઈ. રાહદારીઓએ તેમને ૧૦૮ એમ્બ્યુલન્સમાં તળાજા સરકારી હોસ્પિટલમાં લઈ ગયા.

ત્યાંથી તેમને વધુ સઘન સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ન્યુરોસર્જન ડૉ. રાજેન્દ્ર કાબરિયાએ એમ.આર.આઈ.નો રીપોર્ટ કરાવ્યો જેમાં વિજયભાઈને મગજની ઈજા ગંભીર હોવાનો ખ્યાલ આવ્યો. આખરે તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા. વિજયભાઈના દિકરા અનિલભાઈએ પરિવાર સાથે ચર્ચા-વિચારણા કરી. અવયવદાનનો નિર્ણય લેવામાં આવ્યો. તેમની એક કિડની ઉદેપુરના ૨૮ વર્ષીય અસરાર અહેમદને અને બીજી કિડની ભાવનગરના ૨૧ વર્ષીય વિજેશ રાજપરાને આપવામાં આવી. લિવર રાજકોટના ૩૮ વર્ષીય બિપીનભાઈ વ્રજલાલ ધારલીયાને આપવામાં આવ્યું. આ પ્રત્યારોપણો તા. ૧૪ મે, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા અને હાલમાં સર્વે દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રી શુભમ શૈલેષકુમાર પટેલ** : ૧૯ વર્ષીય અમદાવાદના નિવાસી હતા. માતા-પિતાનો એકનો એક દીકરો. પિતા છુટક મજૂરી કરીને દિકરાને બી.એસ.સી.ના અભ્યાસક્રમમાં ભણાવતા હતા. તા. ૧૫ મે, ૨૦૧૭ના રોજ રાત્રે ભાવનગર ઈવેન્ટ મેનેજમેન્ટ શીખવા મિત્રો સાથે જતા બાઈક સ્લીપ થઈ અને શુભમ ગંભીર રીતે ઘવાયો. મિત્રો તેને મેડીકેર હોસ્પિટલમાં લઈ ગયા પરંતુ ઈજા ગંભીર હોવાથી તેની તબિયત વધુને વધુ બગડવા લાગી. ત્યાંથી પરિવારજનો તેને વોક્સ હોસ્પિટલ લઈ ગયા અને ત્યાંથી પણ સઘન સારવાર માટે મહેસાણા લાયન્સ હોસ્પિટલમાં લઈ ગયા પરંતુ આખરે તેને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યો. લાયન્સ હોસ્પિટલના ડૉ. રાકેશ પટવાએ અંગદાન વિષે માહિતી આપી અને પરિવારમાં અંગદાન વિશે સમજણ હતી તેથી તેમણે અવયવદાનનો નિર્ણય કર્યો અને તેમની એક કિડની અમદાવાદની ૧૭ વર્ષીય સોનમ ખુશલાણીને તથા બીજી કિડની ૨૧ વર્ષીય જામનગરના ગૌરવ વી લખિયારને આપવામાં આવી. લિવર ગાંધીનગરનાં ૫૬ વર્ષીય શ્રીમતી કોકિલાબેન હરીભાઈ પટેલને આપવામાં આવ્યું. આ પ્રત્યારોપણો તા. ૨૧ મે, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા અને હાલમાં સર્વે દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રીમતી ભારતીબેન નવીનચંદ્ર પંડ્યા** : ૬૯ વર્ષીય, અમદાવાદના વતની છેલ્લા દસ વર્ષથી બી.પી.ની તકલીફથી પીડાતા હતા. આ માટે તેઓ નિયમિત દવા પણ લેતા હતા. તા. ૨૬ મે, ૨૦૧૭ના રોજ ઘરે કામ કરતાં-કરતાં અચાનક જ ચક્કર આવતા બેભાન થઈને ઢળી પડ્યાં. તેમના પતિ તેમને તુરંત જ એચ.સી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા, જ્યાં તેમને વેન્ટીલેટર ઉપર રાખી સારવાર શરૂ કરવામાં આવી. બ્રેઈન હેમરેજનું પ્રમાણ ઘણી વધારે માત્રામાં હોવાથી ત્રણ દિવસની સઘન સારવાર બાદ પણ તેઓ ભાનમાં ન આવતા ડૉક્ટરે તેમને બ્રેઈનડેડ જાહેર કર્યાં. તેમનો પુત્ર અંગદાનથી પરીચિત હોવાને કારણે પિતા અને પુત્રએ અંગદાન માટે મંજુરી આપી. ભારતીબેનને બી.પી.ની તકલીફ હોવાને કારણે તેમની કિડની ઉપયોગમાં લઈ શકાય  તેમ ન હતી, પરંતુ લિવર અનુકૂળ હોવાથી અમદાવાદના ૪૪ વર્ષીય, દક્ષાબેન જનકકુમાર બ્રહ્મભટ્ટને આપવામાં આવ્યું. આ પ્રત્યારોપણ તા. ૨૯ મે, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું. પરંતુ દુર્ભાગ્યવશ તેમનું અવસાન થયું.

**શ્રીમતી ગૌરીબેન મુળજીભાઈ સાકરિયા** : ૪૫ વર્ષીય, બોટાદ તાલુકાના કુંભારા ગામના ગૃહિણી હતાં. તા. ૨૫ મે, ૨૦૧૭ના રોજ ખેંચ આવી અને બેભાન થઈ ગયાં. તેમને તરત જ નજીકના ડૉ. પુજારા સાહેબની હોસ્પિટલમાં લઈ ગયા પરંતુ તેમની તબીયત બગડતી જ જતી હતી. પરિવારજનો તેમને વધુ સઘન સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં લઈ ગયા જ્યાં ડૉ. રાજેન્દ્ર કાબરિયાએ સી.ટી. સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ ઘણાં વધારે પ્રમાણમાં થયું હોવાનું જણાયું. ચાર દિવસની સઘન સારવાર બાદ અંતે તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યાં. ડૉ. કાબરિયાએ પરિવારજનોને ગૌરીબેનના અવયવોનું દાન કરવા માટે સમજાવ્યા અને તેમના પતિએ અવયવદાનની સંમતિ આપી. તેમની એક કિડની અમદાવાદના ૩૨ વર્ષીય ભુમીન આર. શાહને તથા બીજી કિડની વડોદરાના ૫૩ વર્ષીય કિરીટભાઈ પટેલને આપવામાં આવી. આ પ્રત્યારોપણો તા. ૩૦ મે, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યાં કમનસીબે ભૂમિન શાહ પ્રત્યારોપણના દસેક દિવસ પછી આજે હયાત નથી પરંતુ કિરીટભાઈ સ્વસ્થ જીવન જીવી રહ્યા છે. ભૂમિનને આંતરડાની તકલિફ ઉભી થઈ. એને માટે ઓપરેશન કર્યું પણ છેવટે એણે વિદાય લીધી. ભૂમિન આપણી સંસ્થાના કિડનીદર્દી કલાકારો દ્વારા ભજવાતા નાટકોમાં મહત્વનાં પાત્રો ભજવતો હતો. "કિડની થિએટરે" એક ઉમદા કલાકાર ગુમાવ્યો છે.

**શ્રીમતી સમજુબેન બેચરભાઈ વીઠ્ઠલાણી** : ૮૫ વર્ષીય ભાવનગરમાં રહેતા હતાં. ૪ દિકરા અને ૫ દીકરીઓ પૌત્રો, પૌત્રીઓના વિશાળ પરિવાર ધરાવતા સમજુબેન ૨૯ મે, ૨૦૧૭ના રોજ બપોરે જમીને આરામ કરતા હતાં અને અચાનક બેભાન થઈ ગયા. તેમને જીવનદીપ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા પરંતુ તબિયતની ગંભીરતાને જોતાં ડૉ. રાજેન્દ્ર કાબરિયાની દેખરેખ હેઠળ તેમને સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. એમ.આર.આઈ.ના રીપોર્ટથી તેમને બ્રેઈન હેમરેજ થયાનું ધ્યાનમાં આવ્યું. પરંતુ તેનું પ્રમાણ ઘણું હોવાથી તેમની તબિયતમાં સુધારાની શક્યતા હતી નહીં. અંતે તેઓને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યાં. સમજુબેનના ફેમીલી ડૉક્ટર ભરતભાઈ માંગુકિયા અને ડૉ. કાબરિયાએ પરિવારને તેમના બ્રેઈનડેડ થયાની જાણ કરી અને અવયવદાન માટે સમજાવ્યાં. સમજુબેનના દીકરા બાબુભાઈ અને પરિવારે અવયવદાનનો નિર્ણય કર્યો. તેમની એક કિડની સુરતના ૫૦ વર્ષીય દુલાભાઈ છગનભાઈ વડોદરિયાને તથા બીજી કિડની સાબરકાંઠાના ૫૯ વર્ષીય શ્રીમતી ભારતીબેન પટેલને આપવામાં આવી. લિવર સુરતના ૫૭ વર્ષીય રાણાભાઈ ભાયાભાઈ ઝીનઝાલાને આપવામાં આવ્યું. આ પ્રત્યારોપણો તા. ૨ જૂન, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા અને હાલમાં બધા દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રી નવનીતભાઈ બાબુભાઈ ચૌધરી** : ૩૦ વર્ષીય માંગરોળ તાલુકાના લવેટ ગામનાં નિવાસી, રત્ન કલાકાર હતા પ્રેમાળ પત્ની અને બે સંતાનો સાથેનું સુખી જીવન જીવી રહેલા નવનીતભાઈ ૨૯ મે, ૨૦૧૭ના રોજ સાંજે વાંકલથી લવેટ ગામ તરફ આવી રહ્યા હતા ત્યારે રેલ્વે ફાટક નજીક તેમનું બાઈક સ્લીપ થઈ ગયું અને તે રસ્તા પર પટકાઈ પડ્યા. માથાના ભાગે ગંભીર ઈજાથી નવનીતભાઈ બેભાન થઈ ગયા. રાહદારીઓ તેમને ઝંખવાવ રેફરલ હોસ્પિટલ લઈ ગયા ત્યાં તેમની હાલત ગંભીર હોવાથી તેમને સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા પરંતુ એમ.આર.આઈ.ના રીપોર્ટે નવનીતભાઈના પરિવારની આશાના દીપકને ઓલવી નાંખ્યો. તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા. નવનીતભાઈના પિતાને અવયવદાન માટે સમજાવવામાં આવતાં તેમણે અવયવદાનનો નિર્ણય કરી આદિવાસી સમાજમાં એક ઉત્કૃષ્ઠ દાખલો બેસાડ્યો અને ત્રણ દર્દીઓને નવું જીવન આપ્યું. તેમની એક કિડની અમદાવાદના ૧૪ વર્ષીય તિલક હિતેષ શાહને તથા બીજી કિડની સુરતના ૩૧ વર્ષીય પુનિત જાલાનને આપવામાં આવી. લિવર મોરબીના ૪૮ વર્ષીય વાલાભાઈ દેવાભાઈ રાઠોડને આપવામાં આવ્યું. આ પ્રત્યારોપણો તા. ૨ જૂન, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા અને હાલમાં સર્વે દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રી પિયુષભાઈ રસિકભાઈ પારેખ** : ૮૦ વર્ષના ભાવનગરના કર્મનિષ્ઠ વ્યક્તિ હતાં. ઉંમર ૮૦ વર્ષની હતી પરંતુ આ ઉંમરમાં પણ તેમની કાર્યનિષ્ઠતા યુવાનોને શરમાવે તેવી હતી. યુવાનીમાં રણજી ટ્રોફીના પ્લેયર હતા. રમત-ગમત પ્રત્યે તેમના લગાવના કારણે તેમણે ભાવનગરમાં રમતોને પ્રોત્સાહન આપ્યું. જ્વેલરી સંઘ, હોસ્પિટલો, મંદિરોમાં ટ્રસ્ટી પણ હતા. ઝવેરી બજારના પ્રમુખ પિયુષભાઈએ કર્મ જ ધર્મ છે તે સુત્રને આત્મસાત કર્યું હતું. તા. ૨ જૂન, ૨૦૧૭ના રોજ તેમણે આખો દિવસ કામ કર્યું. રાત્રે ૮.૩૦ કલાકે ઘરે આવી જમ્યા અને ટી.વી. જોતા જોતા સુઈ ગયા. ત્યાં જ તેમના શરીરે પરસેવો વળવા લાગ્યો. તેમનો દીકરો પરિવાર સાથે ભૂતાન ફરવા ગયો હતો તેથી તેમના પત્નિ ઘરે એકલા જ હતાં. તેમને પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવતા જ તેમના ભાણેજ જમાઈ ડૉ. જયેશ ગાંધીને બોલાવ્યા, જેમણે પિયુષભાઈને એચ.સી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા. ન્યુરોફીઝીશીયન ડૉ. ડાભીએ તેમનું સી.ટી. સ્કેન કરાવ્યું જેમાં પુષ્કળ પ્રમાણમાં હેમરેજ થયાનો ખ્યાલ આવ્યો. ન્યુરોસર્જન ડૉ. રાજેન્દ્ર કાબરિયાને બોલાવવામાં આવ્યા. જેમણે પિયુષભાઈને તપાસ કરી બ્રેઈનડેડ જાહેર કર્યાં. પિયુષભાઈના દીકરા શ્રી જતન પારેખ ભૂતાનથી તાત્કાલિક પાછા આવ્યા અને તેમણે અને પિયુષભાઈના પત્નિ મંજુલાબેને અવયવદાનનો નિર્ણય લીધો. તેમની એક કિડની દાહોદના ૬૫ વર્ષીય ગલ્યાભાઈ ડામોરને તથા બીજી કિડની અમદાવાદના ૫૨ વર્ષીય મંજુલાબેન ચૌહાણને આપવામાં આવી. હાલમાં ગલ્યાભાઈ સ્વસ્થ છે પરંતુ કમનસીબે મંજુલાબેનનું નિધન થયું. લિવર ભાવનગરના ૪૨ વર્ષીય નવનીતભાઈ બાબુલાલ જોબનપુત્રાને આપવામાં આવ્યું અને હાલમાં તેઓ સ્વસ્થ છે. આ પ્રત્યારોપણો તા. ૪ જૂન, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા હતા.

**શ્રીમતી સિદ્ધમ્મા સૈલુ ગડુદાસ** : ૫૮ વર્ષીય, મૂળ તેલંગણાના વારંગલ તાલુકાના રંગાપુર ગામના વતની પણ ઘણા વર્ષોથી સુરતમાં સ્થાયી થયેલા હતા અને વિવિંગ ખાતામાં લુમ્સ કારીગર તરીકે કામ કરતા હતા. તા. ૫ જૂન, ૨૦૧૭ના રોજ સવારે ઉઠીને બ્રશ કર્યા બાદ તેમણે દીકરાઓને માથામાં દુખાવાની અને ચક્કર આવવાની ફરિયાદ કરી. દીકરો તરત જ તેમને સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા અને ત્યાંથી તેમને સનશાઈન ગ્લોબલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા પરંતુ મગજમાં લોહીની ગાંઠના કારણે મગજને લોહી ન પહોંચતા તેમના મગજને ઘણું નુકશાન થયું હતું. એમ.આર.આઈ.ના રીપોર્ટ પછી તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા. સિદ્ધમ્માના બંને દીકરાઓએ માતાના અવયવોનું દાન કરવાનું નક્કી કર્યું. તેમની બંને કિડનીઓ અમદાવાદના ૬૨ વર્ષીય હરેશ સાળુંકેને આપવામાં આવી, હાલમાં તેઓ સ્વસ્થ છે. લિવર અમદાવાદના ૪૫ વર્ષીય પારસભાઈ ચિનુભાઈ જાનીને આપવામાં આવ્યું. પરંતુ દુર્ભાગ્યવશ તેમનું અવસાન થયું. આ પ્રત્યારોપણો તા. ૭ જૂન, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા હતાં.

**શ્રી સુખાભાઈ નરોત્તમભાઈ રાઠોડ** : ૫૫ વર્ષના ઓલપાડ તાલુકાના મંડરોઈ ગામના નિવાસી હતા. ખેતરમાં મજુરી કરીને પરિવારનું ગુજરાત ચલાવતા સુખાભાઈ પરિવાર સાથે પાવાગઢ ગયા હતા જ્યાં સીડીઓ ચઢતા તેમનો પગ લપસ્યો, તેઓ માથાના ભાગે નીચે પટકાયા અને સ્થળ પર જ ઈજાના કારણે બેભાન થઈ ગયા. માતાના દર્શન માટે ઉત્સાહી પરિવારમાં શોકની વીજળી પડી ગઈ. પરિવારજનો તેમને ઓલપાડની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા અને વધુ સઘન સારવાર માટે તેમને સુરતની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. પરંતુ તેમની બચવાની કોઈ આશા બાકી ન હતી, તે બ્રેઈનડેડ થઈ ચૂક્યા હતા. પરિવારે અવયવદાનનો નિર્ણય કર્યો. યોગાનુયોગ ડૉ. પ્રાંજલ મોદી તેમની ટીમ સાથે ડોનર સિદ્ધમ્માના અવયવોનું દાન સ્વીકારવા સુરતમાં જ હતા અને સુખાભાઈના પરિવાર તરફથી અવયવદાનની સંમતિ મળતા જ ટીમ સાથે સનશાઈન ગ્લોબલ હોસ્પિટલમાંથી સુરત સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા અને અવયવોનું દાન સ્વીકાર્યું. તેમની એક કિડની વડોદરાના ૩૨ વર્ષીય જયકૃષ્ણ પંડ્યાને આપવામાં આવી તથા બીજી કિડની વલસાડના ૨૨ વર્ષીય જીનલભાઈ ડી. પટેલને આપવામાં આવી. લિવર રાજકોટના ૫૨ વર્ષીય બકુલભાઈ નિલમભાઈ વૈષ્ણવને આપવામાં આવ્યું. આ પ્રત્યારોપણો તા. ૭ જૂન, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા અને હાલમાં સર્વે દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રીમતી ગોમતીબેન હરજીભાઈ ઈટાળિયા** : ૭૦ વર્ષીય સુરતના રહેવાસી હતા. સુરતમાં અમરેલી ખાતે પોતાના પરિવાર સાથે નિવૃત જીવન વીતાવતા હતા. તા. ૭ જૂન, ૨૦૧૭ના રોજ ગોમતીબેન ઘરમાં દાદરા પરથી પડી જતાં માથાના ભાગે વાગ્યું અને મગજમાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઈ ગયાં. પરિવાર તેમને અસક્તા આશ્રમ હોસ્પિટલ લઈ ગયા પરંતુ લોહી ઘણું વહી જવાથી બ્રેઈનડેડ થયું હોવાનું જાણમાં આવ્યું. ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજિત્રા અને ન્યુરોફિઝીશીયન ડૉ. ભદ્રેશ માંગુકિયાએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા. તેમના ત્રણેય પુત્રો મનસુખભાઈ, કાનજીભાઈ અને જયસુખભાઈએ માતાના અવયવો દાન કરવાનું નક્કી કર્યું. તેમની એક કિડની મોરબીના ૫૧ વર્ષીય મહેશભાઈ વડગામાને તથા બીજી કિડની ઝારખંડના ૫૦ વર્ષીય શૈલેન્દ્ર કુમારને આપવામાં આવી. લિવર વલસાડના ૫૩ વર્ષીય સુરેશભાઈ પરસોત્તમભાઈ ક્રિષ્નાનીને આપવામાં આવ્યું. આ પ્રત્યારોપણો તા. ૯ જૂન, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યાં અને હાલમાં સર્વે દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રી રવિભાઈ ગોવિંદભાઈ સોલંકી** : ૨૮ વર્ષીય રાજકોટના નિવાસી હતા અને પિતા સાથે ફર્નિચરનો ધંધો કરતા હતા. તા. ૭ જૂન, ૨૦૧૭ના રોજ પાન ખાવા માટે પાન પાર્લર પર જતી વખતે શુ થયું ? તેની પરિવારને આજ સુધી જાણ થઈ શકી નથી પરંતુ તેઓ ઘાયલ અવસ્થામાં મળી આવતા પરિવારજનો ઘટનાસ્થળે દોડી ગયા અને દીકરાને ખાનગી મધુરમ હોસ્પિટલમાં લઈ ગયા. પરંતુ તેમની તબિયત ગંભીર હોવાથી સઘન સારવાર માટે વોકાર્ડ હોસ્પિટલ લઈ ગયા. મગજને એટલી ગંભીર ઈજાઓ થઈ હતી કે તેમની બચવાની આશા ન હતી. ન્યૂરોસર્જન ડૉ. કાંત જોગાણીએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા. ડૉ. જોગાણી અને ડૉ. દિવ્યેશ વિરોજાએ પરિવારને અવયવદાન માટે સમજાવ્યા. પરિવાર અવયવદાન વિશે કોઈ માહિતી ન હતી પરંતુ ચર્ચા–વિચારણાને અંતે તેમને લાગ્યું કે અન્ય દર્દીઓને જો નવજીવન મળતું હોય તો રવિભાઈના અવયવોનું દાન કરવું જ જોઈએ અને તેમના પિતા ગોવિંદભાઈએ અવયવદાનનો નિર્ણય કર્યો. તેમની એક કિડની સુરતના ૩૩ વર્ષીય પ્રિતેશભાઈ પટેલને તથા બીજી કિડની અમદાવાદના ૪૫ વર્ષીય શ્રીમતી શિલ્પા પારેખને આપવામાં આવી. હાલમાં બંને દર્દીઓ સ્વસ્થ છે. લિવર વડોદરાના ૫૦ વર્ષીય વિજયભાઈ હેમનદાસ ઠક્કરને આપવામાં આવ્યું, પરંતુ દુર્ભાગ્યવશ તેમનું અવસાન થયું. આ પ્રત્યારોપણો તા. ૧૦ જૂન, ૨૦૧૭ના રોજ થયા.

**શ્રી રાજેન્દ્ર માલીરામ વર્મા** : ૩૪ વર્ષીય મૂળ રાજસ્થાનના સીકર જિલ્લાના વતની હતા. કડિયા કામની મજૂરી માટે સુરતમાં રહેતા હતા. તા. ૭ જૂન, ૨૦૧૭ના રોજ માર્બલ ફ્લોરિંગનું કામ કરતાં કરતાં સંતુલન ગુમાવતા છાપરા પરથી નીચે પડી ગયા. માથામાં ગંભીર ઈજાઓ થઈ. તેમને તાત્કાલિક સરદાર સ્મારક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા અને ત્યાંથી મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. એમ.આર.આઈ.ના રીપોર્ટ બાદ તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા. રાજેન્દ્રભાઈનો પરિવાર રાજસ્થાનમાં રહેતો હતો. તેઓ તરત હોસ્પિટલમાં દોડી આવ્યાં. પરિવારજનોને ડૉક્ટરોએ રાજેન્દ્રભાઈનું બ્રેઈનડેડ થયું હોવાની જાણકારી આપી. રાજેન્દ્રભાઈના ભાઈ અને પિતરાઈ ભાઈએ અવયવોના દાન માટે સંમતિ આપી. તેમની એક કિડની જૂનાગઢના ૧૪ વર્ષીય સેજીબેન વાળાને તથા બીજી કિડની અમદાવાદના ૪૩ વર્ષીય જયંતિભાઈ પટેલને આપવામાં આવી. લિવર છોટા ઉદેપુરના ૪૮ વર્ષીય દેવેન્દ્રભાઈ શાંતિલાલ પટેલને આપવામાં આવ્યું. આ પ્રત્યારોપણો તા. ૧૦ જૂન, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા. હાલમાં સર્વે દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રી યોગેશભાઈ મોહનભાઈ પટેલ** : ૪૨ વર્ષીય સુરતના નિવાસી હતા. તે બાઈક રીપેરીંગનું કામ કરતા હતા. પત્નિ અને એક દિકરા–દીકરીનો નાનકડો પરિવાર સુખેથી રહેતો હતો. ત્યાં જ અચાનક તા. ૧૩ જૂન, ૨૦૧૭ના રોજ બપોરે ૩ વાગે માથામાં સખત દુખાવો અને ઉલટીઓ શરૂ થતાં તેમને પારિજાત હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. જ્યાં સી.ટી. સ્કેનના રીપોર્ટથી તેમને બ્રેઈન ટ્યુમર હોવાનું નિદાન થયું. પરિવાર તેમને વધુ સઘન સારવાર માટે સેવન્થ એડવેન્ટીસ હોસ્પિટલમાં લઈ ગયા અને ત્યાં ટ્યુમર ઓપરેશન દ્વારા કાઢવામાં આવ્યું પરંતુ તબીબોને સફળતા મળી નહી. અંતે તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા. યોગેશભાઈના પત્નિ રંજનબેન અને બાળકો માટે આઘાત અસહ્ય હતો પરંતુ હિંમત રાખીને રંજનબેને પતિના અવયવોનું દાન કરવાનું નક્કી કર્યું. તેમની એક કિડની સુરતના ૧૦ વર્ષીય વચન વોરાને તેમજ બીજી કિડની જામનગરના ૪૦ વર્ષીય રાજેશ ઠક્કરને આપવામાં આવી. લિવર મહેસાણાનાં ૫૮ વર્ષીય રમેશભાઈ રેવાભાઈ પટેલને આપવામાં આવ્યું. આ પ્રત્યારોપણો તા. ૧૭ જૂન, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા અને હાલમાં સર્વે દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રી સંજુ સુખલાલ પાટિલ** : ૪૮ વર્ષીય સુરત નિવાસી સંજુભાઈ વિવિંગ ખાતામાં કારીગર તરીકે કામ કરતા હતા. પત્નિ, એક દીકરી અને બે દીકરાઓના પરિવાર ધરાવતા સંજુભાઈ ૨૦ જૂન, ૨૦૧૭ના રોજ પાંડેસરા પીયુષ પોંઈટ ચાર રસ્તા ક્રોસ કરતા હતા ત્યારે એક ઓટો રિક્ષાવાળાએ ટક્કર મારતાં તેઓ પડી ગયા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ. રાહદારીઓએ તરત જ તેમને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સુરત સિવિલ હોસ્પિટલ લઈ ગયા. પરંતુ એમ.આર.આઈ.ના રિપોર્ટ બાદ તેમના મગજમાં ગંભીર ઈજાઓ થયાનું જાણમાં આવ્યું. ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદીએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા. સંજુભાઈના ભાઈઓ અને પત્નિએ અવયવદાનનો નિર્ણય કર્યો. તેમની એક કિડની અમદાવાદના ૫૫ વર્ષીય શિશિર ભાસ્કરભાઈ ભટ્ટને તથા બીજી કિડની સુરેન્દ્રનગરના ૨૭ વર્ષીય રાજેશ્વરી વિનોદકુમાર રાવળને આપવામાં આવી. જેમાં રાજેશ્વરીબેન સ્વસ્થ છે. પરંતુ કમનસીબે ટેકનીકલ કારણોસર

શિશિરભાઈની કિડની ઓપરેશન દ્વારા કાઢી નાંખવી પડી. સંજુભાઈના લિવરનાં બે ભાગ કરીને તેનો એક ભાગ મહેસાણાની ૭ વર્ષીય નેહા ભરતભાઈ પરમાર અને બીજો ભાગ અમદાવાદનાં ૧૩ વર્ષીય ઝેલા ઈસ્તીયાદ અહેમદ મોરીસવાલાને આપવામાં આવ્યો. આ પ્રત્યારોપણો તા. ૨૨ જૂન, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા અને હાલમાં સર્વે દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રી મેહુલભાઈ અશોકભાઈ વાઢેર :** ૧૯ વર્ષીય પાટણના નિવાસી હતા. પિતાને ગુમાવી ચૂકેલ મેહુલ માતાની સાથે રહેતો. તા. ૨૨ જૂન, ૨૦૧૭ના રોજ સમાજમાં લગ્ન પ્રસંગે જતા હતા ત્યારે સવારે ૯.૩૦ વાગે વિરમગામ રોડ પર બાઈક સ્લીપ થઈ ગઈ. ઘટના સ્થળે મગજના ભાગે ગંભીર ઈજા થવાથી મેહુલભાઈ બેભાન થઈ ગયા. રાહદારીઓ અકસ્માત જોઈ ભેગા થઈ ગયા અને તેમને નજીકમાં આવેલી ક્રિષ્ણા હોસ્પિટલમાં લઈ ગયા જ્યાં પ્રાથમિક સારવાર આપીને સિમ્સ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા. મેહુલભાઈની માતા એકના એક દિકરાને થયેલા અકસ્માતથી હેબતાઈ ગયા હતા. મનમાં આશા હતી કે તે સારો થઈ જશે પરંતુ ઈશ્વરે મેહુલની જીવનદોરી ટૂંકી જ લખી હતી. તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા. મેહુલભાઈના માતા કાંતાબેન અને કાકા હરિભાઈ, અજીતભાઈએ વાસ્તવિકતા સ્વીકારીને હૃદય પર પત્થર મુક્યો અને અવયવદાન કરવાનો નિર્ણય લીધો. તેમની એક કિડની અમદાવાદની ૩૮ વર્ષીય દીપાબેન મોદીને તથા બીજી કિડની જયપુરના ૪૮ વર્ષીય શૈલેષભાઈ સતીષભાઈ જોષીને આપવામાં આવી. લિવર વડોદરાના ૪૩ વર્ષીય કાર્તીક દેવપ્રસાદ ઠક્કરને આપવામાં આવ્યું. આ પ્રત્યારોપણો તા. ૨૮ જૂન, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યા અને હાલમાં સર્વે દર્દીઓ સ્વસ્થ છે.

## રક્તદાન શિબિર

સંસ્થા નીચે દર્શાવેલ રક્તદાન શિબિરના કાર્યકરગણ, રક્તદાતા તથા વ્યવસ્થાપકોનો આભાર માને છે. સાથોસાથ અપેક્ષા રાખે છે કે, આવો જ સહકાર તથા રક્તદાનનો અવિરત પ્રવાહ સંસ્થાનાં દર્દીઓને મળતો રહે.

૧. સી બ્લોક, કોમન પ્લોટ, નોબલનગર, કાલુપુર વોટર વર્કની સામે, નાના ચિલોડા રોડ, અમદાવાદ, આયોજક : શ્રી જગદીશભાઈ ચૌહાણ, તા. ૧૪ એપ્રિલ, ૨૦૧૭, ૯૭ રક્તદાતાઓએ રક્તદાન કર્યું.

૨. સત્કાર બંગ્લોઝ, શાંતિ જુનિયર પ્લે સ્કુલ નજીક, ભરવાડવાસ, નવનીત પાર્ટી પ્લોટની સામે, નાના ચિલોડા રોડ, અમદાવાદ, આયોજક : શ્રી ખીમજીભાઈ ભરવાડ, તા. ૨૩ એપ્રિલ, ૨૦૧૭, ૪ રક્તદાતાઓ રક્તદાન કર્યું.

૩. પંડિત દિનદયાલ કોમ્યુનીટી હોલ, બોડકદેવ, સેટેલાઈટ રોડ, અમદાવાદ, આયોજક : શ્રી રસિકભાઈ ડોબરીયા, તા. ૨૮ એપ્રિલ, ૨૦૧૭, ૭૫ રક્તદાતાઓએ રક્તદાન કર્યું.

૪. આઈ.ટી.આઈ. મોડાસા, આયોજક : શ્રી પુરોહિતભાઈ, તા. ૨૮ જૂન, ૨૦૧૭, ૧૧૦ રક્તદાતાઓએ રક્તદાન કર્યું.

## અભિનંદન

- નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન દ્વારા યુરોલોજી વિષયમાં પ્રો. પ્રાંજલ મોદીને પરીક્ષક તરીકે નિમણૂંક આપવામાં આવી.
- ડૉ. અનન્યારૂચી શર્મા, ડૉ. સ્નેહા બી. અમીન અને ડૉ. સ્નેહા એલ. નાઝાવારે (એમ.ડી.) એનેસ્થેસિયામાં ઉત્તીર્ણ – જુલાઈ ૨૦૧૭
- ડૉ. પુજા એસ. આદીવાલા, ડૉ. રંજક વી. પટેલ, ડૉ. અમી વી. પરીખ અને ડૉ. વિશાલ દેસાઈ – ડિપ્લોમા ઈન એનેસ્થેસિયામાં (ડી.એ.)માં ઉત્તીર્ણ – જુલાઈ ૨૦૧૭

---

ડૉ. એચ. એલ. ત્રિવેદીના ૮૯માં જન્મદિવસનો ઉત્સવ "કિડની દર્દી કલ્યાણ ઉત્સવ"

# નિમંત્રણ

સ્નેહી શ્રી,

આપ જાણો છો કે કિડની ઈન્સ્ટીટ્યુટના સ્થાપક ડૉ. એચ. એલ. ત્રિવેદીના જન્મદિવસને આપણે "કિડની દર્દી કલ્યાણ ઉત્સવ" તરીકે ઉજવીએ છીએ અને તેઓના જન્મોત્સવની ઉજવણી નિમિત્તે એકત્રિત થયેલ દાન સારવાર અને સંશોધન અર્થે સંસ્થાને અર્પણ કરીએ છીએ.

**વિશેષ કાર્યક્રમ : લોકડાયરો**

ગૌરવવંતા કલાકારો - શ્રી ભીખુદાન ગઢવી, શ્રી શાહબુદ્દીન રાઠોડ, શ્રી અભેસિંહ રાઠોડ, સુશ્રી દમયંતીબેન બરડાઈ, શ્રી રણજીત ટાંક, શ્રી વિષ્ણુ પનારા અને સાથી કલાકારો

**: સ્થળ :**

મા શારદા-લક્ષ્મી ઓડિટોરિયમ, કિડની ઈન્સ્ટીટ્યુટ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ

તા. ૩૧ ઓગષ્ટ, ૨૦૧૭ ગુરૂવાર, સમય સાંજે ૬-૦૦ કલાકે

આ શુભ ઉત્સવ અવસરે આપને સહપરિવાર પધારવા સ્નેહભીનું નિમંત્રણ છે.

| | | |
|---|---|---|
| ડૉ. વીણા શાહ | માધવ રામાનુજ | ડૉ. વિરેન ત્રિવેદી |
| (નાયબ નિયામક) | (એચ.આર.ડી.) | (આર.એમ.ઓ.) |

### એક વિશેષ આનંદના સમાચાર :

આપણી ઈન્સ્ટીટ્યુટના ટ્રાન્સપ્લાન્ટના દર્દી શ્રી યોગેશ જોષીએ પોતાની કિડની ફેલ થઈ ત્યાંથી તે છેક પ્રત્યારોપણ સુધીની અનુભૂતિની સુંદર નવલકથા લખી છે. **"પચાસમે પગથિયે"** નામની આ નવલકથા જન્મભૂમિ, ફૂલછાબ અને કચ્છમિત્ર એમ ત્રણ અખબારોમાં હપ્તાવાર પ્રગટ થશે. યોગેશને એમના પત્નિ શ્રીમતી પારૂલે કિડની આપી છે. યોગેશ પૂ. મોરારી બાપુના સંગીત વૃંદમાં અગ્રણી એવા પ્રો. હરિશ્ચંદ્ર જોષીના ભાણેજ છે.

## દાનની વિગત

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) |
|---|---|
| કીફસ ટ્રેડ કેપીટલ પ્રા. લિ. | ૨૦૧૦૦૦ |
| રશ્મી પ્રદ્યુમનભાઈ મહેતા | ૨૦૦૦૦૦ |
| નેમનાથ ઈન્ડસ્ટ્રીઝ | ૧૫૦૦૦૦ |
| એન. લવિંગીયા એકેડમી | ૧૨૫૦૦૦ |
| ધર્મેશ પ્રાણલાલ દોશી પ્રો. ઓફ ભક્તિ વેવ્સ | ૧૦૦૦૦૦ |
| શ્રીમતી એમ.પી.શાહ સાર્વજનિક પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૦૦૦૦૦ |
| તપનપુરી પ્રહલાદભાઈ ગોસ્વામી | ૧૦૦૦૦૦ |
| ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાયર્સ કોર્પોરેશન લિ. - સ્ટાફ બેનેવોલેન્ટ | ૧૦૦૦૦૦ |
| રાધેશ્યામ મણીલાલ શાહ | ૧૦૦૦૦૦ |
| દેવર્શી અવિનાશી ત્રિવેદી | ૧૦૦૦૦૦ |
| સંજય ભવાનજી રંભીયા | ૫૧૦૦૦ |
| મિનાક્ષીબેન ચીમનલાલ ઠક્કર | ૫૧૦૦૦ |
| પરેશભાઈ વશરામભાઈ વઘાસીયા | ૫૧૦૦૦ |
| કર્ણી ગ્રુપ | ૫૧૦૦૦ |
| જ્યોતિ (ઈન્ડિયા) મેટલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. | ૫૦૦૦૦ |
| પન્નાબેન કિર્તીવદન દેસાઈ | ૫૦૦૦૦ |
| રૂા. ૫૦૦૦૦/- થી ઓછુ દાન | ૬૫૪૫૦૧ |
| **કુલ રકમ** | **૨૨૩૪૫૦૧** |

### કિડની ઈન્સ્ટીટ્યુટને દાન : એકસો પચાસ ટકા કરમૂક્તિનું વરદાન

**આપને દાનની સામે ઈન્કમટેક્સની કલમ 35(i)(ii) અન્વયે એકસો પચાસ ટકા (નોકરિયાત માટે ૧૦૦%) કરમૂક્તિનો લાભ મળે છે.**

**આપનો ચેક "ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડીસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર" અથવા "IKDRC" ના નામે લખીને કિડની ઈન્સ્ટીટ્યુટ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ - ૩૮૦૦૧૬ના સરનામે મોકલવા વિનંતી. (સંપર્ક નં. : ૦૭૯ - ૪૯૦૧૭૦૦૦, ૪૯૦૧૭૦૨૭, ૪૯૦૧૭૦૫૬, ૪૯૦૧૭૦૫૯, ૨૨૬૮૭૦૪૪).**

**અમારા બેંક એકાઉન્ટમાં પણ આપનું દાન સીધું જમા કરાવી શકાય છે.**

**ACCOUNT NAME : IKDRC HLT 77**
**IKDRC A/C NUMBER : 353502010504825**
**UNION BANK OF INDIA, CIVIL HOSPITAL BRANCH, AHMEDABAD**
**(RTGS : UBIN0558486)**

### :: વિશેષ નોંધ ::

**આપશ્રીને કિડની ઈન્સ્ટીટ્યુટ દ્વારા પ્રકાશિત બુલેટિન અથવા કિડની સમાચાર મળતુ હશે ! કિડની ઈન્સ્ટીટ્યુટમાં યોજાતા અન્ય પ્રોગ્રામની માહિતી સમયસર મેળવવા માટે આપનો ડોનર નંબર, ફોન નંબર અને ઈ-મેઈલ આઈડી : ikdrcad1@sancharnet.in પર મોકલી આપવા વિનંતી.**


**શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી અને શ્રીમતી કમલાબેન મફતલાલ મહેતા**
**ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર**

બુક - પોસ્ટ
પ્રિન્ટ મેટર

**ડૉ. એચ. એલ. ત્રિવેદી**
**ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીઝ**
સિવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ - ૩૮૦ ૦૧૬, ભારત
ફોન : ૯૧-૭૯-૨૨૬૮૭૦૦૦, ૨૨૬૮૫૭૦૦ ફેક્સ : (૦૭૯) ૨૨૬૮૫૪૫૪
e-mail : ikdrcad1@sancharnet.in www.ikdrc-its.org